# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ નડીયાદ ખેડા પેટલાદ ઉમરેઠ ખંભાત ડાકોર લુણાવાડા બાલાસિનોર

બુધવાર ૫ નવેમ્બર, ૨૦૨૫




**મહિસાગર જિલ્લા પોલીસ બેડામાં પોલીસ ઇન્સ્પેક્ટર અને મહિલા કોન્સ્ટેબલ વચ્ચેના આડા સંબંધમાં ખાખી લજવાણી**

# મહિસાગરમાં પીઆઈ-કોન્સ્ટેબલ પ્રેમમાં પડ્યાં

**પોલીસ ઇન્સ્પેક્ટર** લીવ રિઝર્વ મુકાયાં, મહિલા કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યાં

(પ્રતિનિધિ) લુણાવાડા તા.4

મહિસાગર જિલ્લા પોલીસ બેડામાં પોલીસ ઈન્સ્પેક્ટર અને મહિલા કોન્સ્ટેબલ વચ્ચેના પ્રેમપ્રકરણ બહાર આવતાં જિલ્લા પોલીસ વડાએ તાત્કાલિક બન્ને સામે પગલાં ભર્યાં છે. જેમાં પીઆઈને લીવરિઝર્વ અને મહિલા કોન્સ્ટેબલને સસ્પેન્ડ કર્યાં છે. આ કિસ્સામાં બુટલેગરોના હપ્તાનો ચીઠ્ઠો પણ વાયરલ થતાં મામલો ગરમાયો છે.

વીરપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી ચુકેલા પોલીસ ઈન્સ્પેક્ટર દરજ્જાના અધિકારી અને મહિલા કોન્સ્ટેબલ વચ્ચે લાંબા સમયથી ચાલતું પ્રેમપ્રકરણ ચર્ચાનો વિષય બન્યો છે. જોકે, આ વાત ચારેક મહિના પહેલા બહાર આવી હતી. જેને પગલે તત્કાલીન જિલ્લા પોલીસ વડાએ પોલીસ ઈન્સ્પેક્ટર અને મહિલા કોન્સ્ટેબલને અલગ અલગ પોલીસ સ્ટેશનમાં બદલી કરી હતી. પરંતુ આ પ્રેમકરણનો અંત આવ્યો નહતો. પીઆઈ યેનકેન પ્રકારે ઓનડ્યુટી કે ઓફ ડ્યુટી હોય તે સમયે કોન્સ્ટેબલ સુધી પહોંચી જતાં હતાં અને રંગરેલીયા બનાવતાં હતાં. આખરે આ મામલાની જાણ કોન્સ્ટેબલના પતિને થતાં તે ભડકયો હતો. પ્રથમ તો તેણે કોન્સ્ટેબલનો મોબાઈલ જ લઈ લીધો હતો. જેમાં પીઆઈ સાથેના અનેક વાંધાજનક ફોટા મળી આવ્યાં હતાં. એટલું જ નહીં બુટલેગર સાથેના હિસાબ - કિતાબોનો ચીઠ્ઠો પર હાથમાં આવી ગયો હતો. આ ચીઠ્ઠો તો વાયરલ પણ કરી દીધો હતો.

મહિસાગર જિલ્લા પોલીસના ઈન્સ્પેક્ટર અને કોન્સ્ટેબલ વચ્ચેના પ્રેમપ્રકરણમાં ખાખી લજવાણી છે. એક તરફ આ પ્રેકરણથી બેડામાં ચકચાર મચી છે. બીજી તરફ બુટલેગર પાસે લેવાતા હપ્તાની ચીઠ્ઠી પણ વાયરલ થઈ છે. આ સમગ્ર મામલે મહિલા કોન્સ્ટેબલના પતિએ જિલ્લા પોલીસ વડાને રજુઆત કરતાં તેઓએ તાત્કાલિક પોલીસ ઈન્સ્પેક્ટરને લીવ રિઝર્વમાં મુકી દીધાં હતાં. જ્યારે મહિલા કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો હતો. આ કાર્યવાહીથી બેડામાં ચકચાર મચી ગઈ હતી.

## પોલીસ ઇન્સ્પેક્ટર સામે કાર્યવાહી કરવા આઈજીને રિપોર્ટ કરાયો

રાજ્યના પોલીસ વિભાગમાં પોલીસ ઇન્સ્પેક્ટર દરજ્જાના અધિકારીને સસ્પેન્ડ કરવાની સત્તા જિલ્લા પોલીસ વડા પાસે નથી. આથી, મહિસાગર જિલ્લા પોલીસ વડા સફીન હસને તાત્કાલિક અસરથી પીઆઈને લીવરિઝર્વમાં મુક્યાં છે. આ અંગે તેઓએ કાર્યવાહી કરવા રેન્જ આઈજીને વિસ્તૃત અહેવાલ મોકલી આપ્યો છે. જેના પગલે આગામી દિવસોમાં પીઆઈ પણ સસ્પેન્ડ થાય તેવી શક્યતા જોવા મળી રહી છે.

## મહિલા કોન્સ્ટેબલે પીઆઈ સાથે મળીને પતિને મારમાર્યો હતો

મહિસાગર જિલ્લા પોલીસના પોલીસ ઇન્સ્પેક્ટર અને મહિલા કોન્સ્ટેબલ વચ્ચેના પ્રેમપ્રકરણની જાણ થતાં કોન્સ્ટેબલના પતિએ જિલ્લા પોલીસ વડા સુધી રજુઆત કરી હતી. જોકે, આ રજુઆતથી પોલીસ ઇન્સ્પેકટર ભડક્યાં હતાં અને તેને કોઠંબા ચોકડી પર બોલાવ્યો હતો. જ્યાં પોલીસ ઇન્સ્પેક્ટર સાથે મહિલા કોન્સ્ટેબલ પણ હતી. આ બન્નેએ ભેગા થઇ મારમાર્યો હતો. આ અંગે કંટ્રોલરૂમમાં જાણ કરતાં ટીમ પહોંચી હતી. પરંતુ પતિ - પત્ની અને વોનો મામલો હતો. આ ઉપરાંત પોલીસ ઇન્સ્પેક્ટરની જ સંડોવણી હોવાથી પગલાં ભરાયાં નહતાં. પરંતુ વાત એસપી સુધી પહોંચતાં કાર્યવાહી કરવામાં આવી હતી.

## આણંદમાં 12 હજાર સ્કવેર ફુટના ઈલેક્ટ્રોનિક્સ ગોડાઉન પ્રચંડ આગ



આણંદના લાંભવેલ રોડ આવેલા સંકેત સેલ્સના ગોડાઉનમાં સોમવાર રાત્રે જ આગ લાગી હતી. આ પ્રચંગ આગને કાબુમાં લેવા માટે આણંદ તેમજ આંકલાવ, બોરસદ અને નડીઆદના ફાયરબ્રીગેડની મદદ લેવામાં આવી હતી. જેઓએ સાડા પાંચ કલાક સુધી પાણીનો મારો ચલાવીને આગ પર કાબુ મેળવ્યો હતો.

# ભાલેજ ગામમાં ગટરના પાણી કબ્રસ્તાન તરફ નિકાલ કરાતાં રોષ

**મામલતદાર** તથા તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી ઉગ્ર રજૂઆત કરાઇ

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.4

આણંદના ભાલેજ ગામમાં નવી બનેલી સોસાયટીના ગટરના પાણી વ્હોરા સમાજના કબ્રસ્તાન તરફ છોડવામાં આવતાં રોષની લાગણી ફેલાઇ છે. આ અંગે સમાજના આગેવાનોએ મામલતદાર તથા તાલુકા વિકાસ અધિકારીને રજુઆત કરી તાત્કાલિક પગલાં ભરવા માંગણી કરી છે.



આણંદ જિલ્લાના ભાલેજ ગામ ખાતે અનમોલ પેટ્રોલપંપ બાજુમાં કાસોર જવાના માર્ગ પર વ્હોરા સમાજનું કબ્રસ્તાન આવેલું છે. આ રસ્તા ઉપર નવીન સોસાયટીઓ બંધાઈ રહી છે. જેની ગટર લાઈનના ભૂંગળા આરસીસી રસ્તા પર વ્હોરા સમાજના કબ્રસ્તાન પાસે ખુલ્લા છોડી દેવાતા છેલ્લા છ મહિનાથી ગટરનું દુર્ગંધ મારતું પાણી આરસીસીના રોડ પર ફરી વળે છે અને તેના લીધે લોકોને આવા જવામાં તકલીફો પડી રહી છે. આ ઉપરાંત રસ્તા પર કિચડનું સામ્રાજ્ય એવું કે સંખ્યાબંધ વાહનચાલકોને અકસ્માત નડ્યો છે. આટલું ઓછું હોય તેમ વ્હોરા સમાજમાંથી જ્યારે કોઈનું અવસાન થાય તો તેમના મૃતદેહને સાધનમાં લઈને કબ્રસ્તાન આવવા લોકો મજબૂર બન્યા છે.

આ અંગે ભાલેજ ગ્રામ પંચાયતમાં વારંવાર અરજી લખીને રજૂઆતો કરી છે, તેમ છતાં ગ્રામ પંચાયત અને તલાટી કમ મંત્રી દ્વારા છ મહિનાથી વાત ધ્યાન પર ન લેવાતાં ભાલેજના રહીશો દ્વારા ઉમરેઠ મામલતદાર કચેરીએ તથા ઉમરેઠ તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યુ છે. સાથોસાથ ગ્રામજનો દ્વારા ચીમકી ઉચારી છે કે જો સાત દિવસમાં આનો નિકાલ કરવામાં નહીં આવે તો અમે મોટી સંખ્યામાં એકઠા થઈ ભાલેજ ગ્રામ પંચાયત કચેરીને તાળા મારી દઈશું અને રસ્તા રોકો આંદોલન કરીશું.

## લુણાવાડામાં જુગાર રમતાં 6 પકડાયાં

(પ્રતિનિધિ) લુણાવાડા તા.4

લુણાવાડા પોલીસને બાતમી મળી હતી કે, નવસાદમીયા હનીફમીયા શેખ તેના મકાનમાં જુગારનો અડ્ડો ચલાવી રહ્યા છે. આ બાતમી આધારે લુણાવાડા પોલીસે 3જી નવેમ્બરની સાંજે દરોડો પાડ્યો હતો. આ દરોડામાં પોલીસે કોર્ડન કરી છ શખસને પકડી પાડ્યાં હતાં. આ શખસોની પુછપરછ કરતાં જુબેર અબ્દુલગની શેખ, તૌફીક ઈદ્રીશ શેખ, શોહેલ અત્તાઉલ્લા પઠાણ, સદ્દામ શાકીર શેખ, મોહંમદ તારીફ મોહંમદયુસુફ શેખ અને મોહંમદ મેહેબુબ ચૌહાણ હોવાનું જણાવ્યું હતું. જ્યારે નવસાદ શેખ ભાગી ગયો હતો. આ દરોડામાં પોલીસે રોકડ સહિત કુલ રૂ.2,17,930નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.


















































